જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૮/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૫૧૯/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૧ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૪ | ૧ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૯ | ૪,૩૯,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૧૨૯ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૮૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૯૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૨/૨૦૨૨**

**નિકોલઃ** અરવિંદભાઈ રામજીભાઈ કપોપરા (ઉ.વ.૫૩) (રહે. સદગુરૂ વાટિકા નિકોલ) એ તા.૨૫/૦૮/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) હર્ષદભાઈ રવજીભાઈ પાનસુરીયા (રહે. કળશ રેસીડેન્સી નવા નિકોલ) (૨) યોગેશભાઈ લાલજીભાઈ પટેલ (રહે. સુયોગ-૯૯ નિકોલ નરોડા રોડ નિકોલ) (૩) શૈલેષભાઈ બાબુભાઈ બાળધા (રહે. ગજાનંદ ફ્લોર નિકોલ નરોડા રોડ નિકોલ) એ ભેગા મળી નિકોલ સરદાર મોલ ખાતે મારૂતિ પ્લાસ્ટિક, મારૂતિ એક્ઝીમ, મી.મારૂતિ એક્ઝીમ તથા મારૂતિ ફાયનાન્સના નામથી ઓફીસ ખોલી અરવિંદભાઈ કપોપરાને વિશ્વાસમાં લઈ તેમના ધંધામાં કુલ રૂપિયા ૨,૬૧,૯૮,૦૦૦/- રોકાણ કરાવી નાણાં મેળવી તથા અન્ય ત્રણ સાહેદો પાસેથી પણ રૂપિયા ૬૦,૦૦,૦૦૦/- રોકાણ કરાવી નાણાં મેળવી લઈ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.આર.મુછાળ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૩/૨૦૨૨**

**નરોડાઃ** સુખબીરસિંગ બાબુસિંગ પરમાર (ઉ.વ.૩૯) (રહે. શિવમ રેસીડેન્સી હંસપુરા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૮/૨૦૨૨ કલાક ૧૧/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે સીડીના ભાગે લોખંડની રેલીંગ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.રાવળ ચલાવે છે.

**ઓઢવઃ** લક્ષ્મીબહેન વા/ઓ હરીશભાઇ આહરી (ઉ.વ.૨૭) (રહે. નિલકંઠ પાર્ક સોસાયટી મહેશ્વરી સોસાયટીની બાજુમાં ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૨૦૨૨ રાતના ૧૧/૪૫ થી તા.૨૫/૦૮/૨૦૨૨ કલાક ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગણપતભાઈ નટવરભાઈ ચલાવે છે.

**વટવાઃ** દિપાબહેન સુરેશકુમાર જાદવ (ઉ.વ.૫૫) (રહે. શાન-૩ વટવા-ગામડી રોડ વટવા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૮/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ચોથા માળથી પડતું મુક્યું હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.બારૈયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી